## નમ્ર અપીલ

આપણો આ બહુલક્ષી ઈદારો જામિઅહ દારૂલ ઈહસાન પોતાના તમામ કાર્યક્ષેત્રમાં બિહમ્દિલ્લાહ પ્રગતિના સોપાનો સર કરી રહ્યો છે. રોજ-બ-રોજ તેનું કાર્ય વર્તુળ વિશાળ થતું જાય છે. ભવિષ્યમાં ઈદારાની વિસ્તૃતીકરણ યોજનામાં જામિઅહ સંચાલિત સ્કૂલ પ્રોજેક્ટ ઉપર આગળ કદમ માંડવા અમો વિચારી રહ્યાં છીએ. જ્યાં કોમનાં નુરેચશ્મો સંપૂર્ણ ઈસ્લામિક માહોલમાં બેહતરીન દુન્યવી તઅલીમ હાંસીલ કરી શકે. જે માટે આપના સલાહ-મશ્વરાના અમો મુન્તઝીર છીએ. હાલમાં ૩૪૫ છોકરાઓ જામિઅહમાં તાલીમ હાસીલ કરી દીન-દુન્યાની તઅલીમથી સુસજ્જ થઈ રહ્યા છે અને ૧૧૧ બહેનો હોસ્ટેલમાં રહ્યા વગર ઘરેથી આવજાવ કરી પોતાની ઈલ્મેદીનની પ્યાસ બુજાવી રહી છે. વિદ્યાર્થીઓની વધતી સંખ્યા અને મોંઘવારીના કારણે બજેટમાં પણ વધારો થાય એ સ્વભાવિક છે. જામિઅહની કાયમી કોઈ આવક નથી. ફક્ત મુસ્લિમ સમાજના આપ જેવા સખીદિલ દાતાઓની લિલ્લાહ સખાવત તેમજ વિદ્યાર્થીઓની ફી પર જ તેનું આર્થિક ચક્ર ગતિમાન છે. જેથી દરેક મુસલમાને, દીનના કિલ્લાસમાન જામિઅહના બજેટને પુર્ણ કરવાને પોતાની નૈતીક જવાબદારી સમજવી જોઈએ અને તેના માટે યોગ્ય સહકાર આપવા માટે હંમેશા તત્પર રહેવું જોઈએ એવી આપ તમામ કૌમના ખૈરખ્વાહો, કરમ ફરમાઓ અને કૌમની તઅલીમી તરક્કીના ખ્વાહીશમંદોથી અપેક્ષા એ જ વિનંતી. **દીની તઅલીમ આપણા સર્વ માટે ફરજ છે જ અને દુન્યવી તઅલીમ એ ફરજને વિશ્વ સમક્ષ લઈ જવાનું ઉત્તમ માધ્યમ છે.**

**: સહકારનો અભિલાષી :**

**(હઝ. મુફતી) મહમુદ હાફેઝજી બારડોલ્વી (સાહબ)**

**ઉસ્તાદે તફસીર વહદીસ**

**જામિઅહ ઈસ્લામિઅહ તઅલીમુદ્દીન ડાભેલ સીમલક**

**બિસ્મિહી તઆલા**

# મદ્રસહ જામિઅહ દારૂલ ઈહસાન

**❀ : નવાપુર : ❀**

સ્થાપના : હિ.સ. ૧૪૨૭/ઈ.સ. ૨૦૦૬

TRUST REG. NO. : MSBW/NDR/123/2015/MAH STATE BOARD OF WAKF

**બાની વ રઈસે જામીઅહ**

હઝરત મુફતી મહમુદ મૌલાના સુલૈમાન

હાફેઝજી સાહબ (બારડોલ્વી)

## ૧૧ મો વાર્ષિક અહેવાલ

**તઆરૂફ અને ટૂંક રિપોર્ટ ઈ.સન : ૨૦૧૬-૧૭**

હિજરી : ૧૪૩૭-૩૮


**સરનામુ**

મદ્રસહ જામિઅહ દારૂલ ઈહસાન

(વિદ્યાશાળા)

સ્ટેશન રોડ, નવાપુર, જિ. નંદુરબાર

પીન : ૪૨૫૪૧૮ (મહારાષ્ટ્ર) ઈન્ડિયા.

મો. : ૦૦૯૧ ૯૯૦૯૮ ૪૬૪૬૫

મો. : ૦૦૯૧ ૯૩૭૭૦ ૧૩૮૨૮

E-mail : darulehsan_navapur@hotmail.com

website : www.nooranimakatib.com


**: નાઝીમ :**

**(કારી) ઉબયદુલ્લાહ અહમદ હાફેઝજી**

**જામિઅહની વિશાળ દર્સગાહ ક્લાસ રૂમ**





**જામિઅહની આલીશાન મસ્જિદ**

**દારે સિદ્દિક (યતીમ મિસ્કીન માટે)**





**જનરેટર**

**વોટર ફિલ્ટર**





**વિદ્યાર્થીઓને શાળાએ લઈ જવા માટે સ્કૂલવાન**

# જામિઅહ દારૂલ ઈહસાન, નવાપુર
## તા. ૧-૪-૨૦૧૬ થી ૩૧-૩-૨૦૧૭ના
## રોજનું આવક જાવક ખાતુ

| આવક | રકમ | જાવક | રકમ |
|---|---|---|---|
| રોકડ (ઉઘડતી સિલક) | ૧૦,૪૨,૧૯૩-૦૦ | ઉસ્તાદ પગાર ખર્ચ | ૨૩,૨૧,૧૭૧-૦૦ |
| યુનીયન બેંક ખાતા નં. ૨૦૦૨૮ | ૫,૦૫,૨૯૯-૧૮ | ખાદીમ પગાર | ૧૧,૯૪,૭૦૫-૦૦ |
| યુનીયન બેંક ખાતા નં. ૨૦૦૨૬ | ૧૨,૬૨૧-૮૮ | વાહન ખર્ચ | ૨,૫૪,૪૧૯-૦૦ |
| યુનીયન બેંક ખાતા નં. ૩૫૨૨૭ | ૯૪,૦૭૭-૫૦ | રીપેરીંગ ખર્ચ | ૩,૧૨,૦૬૮-૦૦ |
| પી.એફ.ખાતુ | ૨,૫૬,૦૮૫-૦૦ | સફાઈ, ધુલાઈ ખર્ચ | ૩૨,૯૮૨-૦૦ |
| એડમીશન ફી | ૪૧,૪૦૦-૦૦ | ખોરાકી ખર્ચ | ૨૮,૭૪,૮૯૨-૦૦ |
| દાવત પેટે આવક | ૬,૪૪,૭૫૨-૦૦ | લેબર ખર્ચ | ૩,૪૩,૫૫૯-૦૦ |
| ઈફ્તારી ફંડ | ૯,૭૪૦-૦૦ | હદીયો ખર્ચ | ૭,૫૩૦-૦૦ |
| ઈનામ ફંડ | ૯૮,૪૦૧-૦૦ | મેહમાન ખર્ચ | ૩,૮૦૦-૦૦ |
| લિલ્લાહ ફંડ | ૭,૧૬,૨૩૯-૦૦ | લાઈટ બીલ ખર્ચ | ૪,૦૧,૦૩૦-૦૦ |
| મટીરીયલ આવક | ૬૨,૬૬૫-૦૦ | પરચુરણ ખર્ચ | ૧૭,૪૬૨-૦૦ |
| માસિક કલેકશન | ૩,૮૦,૬૬૨-૦૦ | ઈફ્તારી ખર્ચ | ૨૨,૩૦૦-૦૦ |
| અન્ય આવક | ૮૩,૪૧૫-૪૮ | ટેલીફોન, મોબા.ખર્ચ | ૫,૭૫૦-૦૦ |
| સ્કૂલ બસ આવક | ૨૦,૧૫૦-૦૦ | ટ્રાવેલીંગ ખર્ચ | ૧,૧૫,૩૨૬-૦૦ |
| શિક્ષણ ફી + ખોરાકી ફી | ૬૦,૭૪,૪૯૫-૦૦ | ઈનામ ખર્ચ | ૧,૪૯,૦૦૭-૦૦ |
| અનાજ ફંડ | ૨૨,૦૯૭-૦૦ | સ્ટેશનરી ખર્ચ | ૪,૭૫૦-૦૦ |
| બિલ્ડિંગ ફંડ | ૧૨,૫૦,૫૦૦-૦૦ | જનરેટર ખર્ચ | ૧,૮૬,૭૮૧-૦૦ |
| સ્ટાફ ક્વા. ૫,૦૦,૦૦૦-૦૦ | | બેંક ચાર્જ | ૭૪૯-૫૦ |
| મસ્જિદ ૭,૫૦,૫૦૦-૦૦ | | મ્યુનસીપલ ટેક્ષ | ૩૦,૦૫૭-૦૦ |
| ખેતી આવક | ૪૧,૬૯૩-૦૦ | ઓડિટ ફી | ૩૭,૦૦૦-૦૦ |
| રમઝાન ફંડ | ૨,૬૧,૮૨૦-૦૦ | પ્રિન્ટીંગ ખર્ચ | ૩૦,૧૭૫-૦૦ |
| ગેસ સબસીડી | ૮૨૪-૦૪ | કીતાબ, બુક ખરીદી | ૨૭,૭૭૫-૦૦ |
| | | મસ્જિદ ખર્ચ | ૧૩,૩૨૦-૦૦ |
| | | ખેતી ખર્ચ | ૧૧,૧૪૬-૦૦ |
| | | બાંધકામ ખર્ચ | ૨૦,૬૬,૧૫૧-૦૦ |
| | | સ્ટાફ ક્વા.૧૧,૨૨,૦૨૧-૦૦ | |
| | | મસ્જિદ ૯,૪૪,૧૩૦-૦૦ | |
| | | રોકડ સિલક | ૬,૪૯,૪૪૮-૦૦ |
| | | યુનીયન બેંક ખાતા નં. ૨૦૦૨૮ | ૪૫,૩૨૯-૭૨ |
| | | યુનીયન બેંક ખાતા નં. ૨૦૦૨૬ | ૨૬,૬૮૯-૩૬ |
| | | યુનીયન બેંક ખાતા નં. ૩૫૨૨૭ | ૪૯,૪૪૬-૫૦ |
| | | પી.એફ. ખાતુ | ૩,૮૪,૩૧૧-૦૦ |
| **કુલ** | **૧,૧૬,૧૯,૧૩૦-૦૮** | **કુલ** | **૧,૧૬,૧૯,૧૩૦-૦૮** |

બિસ્મિહી તઆલા

# જામિઅહ દારૂલ-ઈહસાન પર એક નઝર

સંસ્થાનુ નામ : જામિઅહ દારૂલ ઈહસાન વિદ્યાશાળા, નવાપુર

સરનામુ : સ્ટેશન રોડ, નવાપુર, જિ. નંદુરબાર-૪૨૫૪૧૮ (મહારાષ્ટ્ર)

સ્થાપના : હિ.સ. ૧૪૨૭ મુતાબિક ઈ.સ. ૨૦૦૬

રજિસ્ટ્રેશન : MHBW/NDR/123/2015/MAH STATE BOARD OF WAKF

## ટ્રસ્ટી મંડળ

(૧) હઝરત મુફતી મહમુદ મૌલાના સુલૈમાન હાફેઝજી સાહબ (દા.બ.) બારડોલી

ખલીફહ શૈખે તરીકત ફકીહુલ ઉમ્મત હઝરત મુફતી મહમુદ હસન ગંગોહી અલયહિર્રહમા

(૨) હઝરત મુફતી ઈબ્રાહીમ હાજી મુહમ્મદભાઈ ગજીયા સાહબ (દા.બ.) બારડોલી

ખલીફહ શૈખે તરીકત હઝરત મૌલાના કમરૂઝઝમા સાહબ ઈલાહાબાદી (દા.બ.)

(૩) જનાબ હાજી અબ્દુસ્સમદભાઈ હાજી ઈસ્માઈલભાઈ બલેશ્વરીયા સાહબ - નવાપુર

(૪) જનાબ હાજી ઈલ્યાસભાઈ હાજી ઈબ્રાહીમભાઈ બલેશ્વરીયા સાહબ - નવાપુર

(૫) જનાબ હાજી ફકીરભાઈ કાસમભાઈ ફેન્સી સાહબ - નવાપુર

## વર્કીંગ કમિટી

(૧) જનાબ હાજી શોએબભાઈ હાજી અહમદભાઈ માંદા સાહબ - નવાપુર

(૨) જનાબ હાજી સુહેલભાઈ કાસીમભાઈ બલેશ્વરીયા સાહબ - નવાપુર



## ઓડીટ

સરકારશ્રીના કાયદા મુજબ સંસ્થાની આવક જાવકના હિસાબોનું વાર્ષિક ઓડીટ મા. શ્રી નરેન્દ્રભાઈ અગ્રવાલ (C.A.) દ્વારા કરવામાં આવે છે અને નવાપુરની દરેક મસ્જિદમાં લગાવવામાં આવે છે, અને આ રીપોર્ટમાં પણ દર્શાવવામાં આવ્યો છે.

જામિઅહ પર વધ-ઘટ સાથે એક નઝર

કુલ સ્ટાફ : ૪૬ (ઉસ્તાદ-૨૦, અન્ય-૨૬)

કુલ તાલીબે ઈલ્મો : (વિદ્યાર્થીઓ - ૩૪૫)
(હોસ્ટેલના તલબા - ૩૦૩)

નવાપુરના : ૮૮, નવાપુર બહારના - ૨૫૭

| | | | |
|---|---|---|---|
| સ્કુલ સાથે | ૨૫૫ | ગુજરાતી મીડીયમ | ૭૪ |
| મરાઠી મીડીયમ | ૧૭ | ઇંગ્લીશ મીડીયમ | ૨૩ |
| સિનિયર કોલેજ | ૦૪ | પ્રાયમરી | ૦૬ |
| ઉર્દૂ મીડીયમ | ૧૦૬ | જુનીયર કોલેજ | ૨૫ |

દારૂલ ઈહસાન બનાતમાં પઢતી છોકરીઓ અને શાદી શુદા બહેનોની સંખ્યા : ૧૦૧ + ૧૦ (કયામ વગર)

મુઅલ્લીમાઓ : ૩ (ત્રણ)

## અસ્સલામુ અલયકુમ વ.વ.

દીની ભાઈઓ, બહેનો અને યુવાનો અલ્લાહતઆલાનો એહસાન છે કે નવાપુર વસ્તીમાં તેણે દારૂલ ઈહસાન જેવી અઝીમ નેઅમત આપી. અલ્હમ્દુલિલ્લાહ જામિઅહ વડે ઘણાં જ ટૂંકા સમયમાં **૧૧૩ હાફીઝોની ભેટ** મળી છે.

આપણો ખાસ મકસદ એ છે કે મુસ્લિમોની અત્યારની અને આવતી પેઢી દીન અને દુન્યા બન્નેવ તઅલીમ હાસીલ કરી દુન્યા, આખિરતમાં કામ્યાબી હાસીલ કરે, કૌમ અને પ્યારા વતનનાં ઘડતર-ઉન્નતીમાં પોતાનું મહામૂલ્ય યોગદાન અર્પણ કરે, જેથી આપણે ત્યાં હાફીઝ, આલીમ, કારી, મુફતી વગેરેની તઅલીમ સાથે સ્કૂલ, હાઈસ્કૂલ-કોલેજની તઅલીમની પણ પૂરેપૂરી કોશિશ કરવામાં આવી રહી છે.

પાલાવાલા એસ્ટેટ, ટર્નલ પ્લોટ, નવાપુર આ તે મુબારક જગ્યા છે, જ્યાં **અલ્લાહના વલી હઝરત કારી સીદ્દીક અહમદ સાહબ બાંદવી** (રહ.)એ આરામ ફરમાવ્યો હતો અને રાત્રે અલ્લાહના સામે દુઆઓ કરી હતી તે જ મુબારક જગ્યા ઉપર મદ્રસહની શરૂઆત થઈ. જે આજે **આર. કાસમભાઈ ફેમેલી તરફથી વકફ** મળેલ વિશાળ જગ્યામાં એક પૂરેપૂરું સંકુલ (કેમ્પસ) તૈયાર થયું છે અને અલ્હમ્દુલિલ્લાહ દીનની ખીદમત (ઈશાઅત અને હિફાઝત)નું મુબારક કામ થઈ રહ્યું છે. મહારાષ્ટ્ર અને ગુજરાતની બોર્ડર ઉપર ઉભા થયેલ આ આદર્શ દીની અને દુન્યવી તઅલીમી સંકુલને હકતઆલા કબુલ ફરમાવે અને તરક્કીઆતોથી નવાઝે-આમીન.



## મદ્રસહના વિવિધ વિભાગો

### તાલીમી (શૈક્ષણિક) વિભાગોની વિગતો :

**(૧) હિફ્ઝ કલાસ-૧૦** કલાસોમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા-**૧૩૩**

**(૨) કુરઆન શરીફ (એઅદાદીયા) કલાસો-૪:** દાખલ થતા દરેક વિદ્યાર્થીઓને પ્રથમ એઅદાદીયા જમાઅતમાં દાખલો આપવામાં આવે છે. જ્યાં કુરઆન મજીદ તજવીદ સાથે સહી કરાવવામાં આવે છે અને હિફ્ઝ માટે પૂર્વ તૈયારી કરાવીને હિફ્ઝમાં દાખલ કરવામાં આવે છે. આ દરજાના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા-**૧૮૯**

**(૩) આલિમ કોર્ષ અરબી વિભાગ : કુલ તલબા-૨૩**

| | |
|---|---|
| અરબી અવ્વલ (અરબી પહેલુ વર્ષ) | : ૬ વિદ્યાર્થી |
| અરબી દવમ (અરબી બીજુ વર્ષ) | : ૨ વિદ્યાર્થી |
| અરબી સોમ (અરબી ત્રીજુ વર્ષ) | : ૩ વિદ્યાર્થી |
| ઉર્દુ ફારસી કલાસ | : ૧૨ વિદ્યાર્થી |

**(૪) તજવીદ કિર્અત વિભાગ : ૨૩ વિદ્યાર્થી**

અરબી કલાસના દરેક તલબાઓને કારી કલાસ પણ જરૂરી છે. તેમજ હિફ્ઝ અને એઅદાદીયા કલાસના છોકરાઓ પણ કુરઆન શરીફ સારી રીતે પઢે એની કાળજી લેવાય છે અને તાલીમ સાથે ઈસ્લામી તરબીયતની પણ પુરી ફીકર થાય છે.

**(૫) દારૂલ ઈફતા - (ફતાવા વિભાગ)**

સન ૨૦૧૧થી નવાપુર અને અતરાફના મુસ્લિમો માટે દીની માર્ગદર્શનના નેક મકસદથી ફતાવા વિભાગની શરૂઆત કરવામાં આવેલ છે. લેખિત અને મૌખીક - રૂબરૂ અને ટેલીફોન વડે ફતવાનો જવાબ આપવામાં આવે છે.

**ફતાવા વિભાગના મોબાઈલ નંબરો**

93281 12389 | 90045 97365
98819 47872 | 96017 38128
97142 33244

**(૬) પ્રકાશન અને પ્રસારણ વિભાગ :**
**શોઅબએ નશ્રો ઈશાઅત...**

આપ મુસ્લિમ ભાઈઓ-બહેનો-યુવાનોને દીની માર્ગદર્શન કીતાબો વડે પૂરૂં પાડવા પત્રીકાઓ (પેમ્ફલેટ) અને નાની મોટી કીતાબો વારંવાર છપાવવામાં આવે છે. અત્યાર સુધી અંદાજિત **૨૫ જેટલા** પ્રકાશનો પ્રકાશીત થયા છે. આપ પણ પોતાના મુર્હુમોના ઈસાલે સવાબ માટે કોઈક દીની પ્રકાશન છપાવી સવાબે જારીયહના મુસ્તહીક બનશો એવી નમ્ર ગુઝારીશ.

**(૭) દઅવત વ તબ્લીગ વિભાગ :**

નવાપુરની મસ્જિદોમાં જુમ્અહ અને રમઝાનના મૌકા પર મદ્રસહના ઉસ્તાદો જઈને બયાનો વડે જરૂરી રેહબરી કરે છે. રમઝાનમાં તફસીરનું પણ આયોજન થાય છે. અઠવાડીયામાં એકવાર ઈશાબાદ નવાપુર જુમ્અહ મસ્જિદ, ઈસ્લામપુરા મસ્જિદ, ઈદગાહ મસ્જિદ, શાહી મસ્જિદ, જનતાપાર્ક મસ્જિદ અને મસ્જિદે નુરમાં મદ્રસહના આલીમ અને મુફ્તી સાહબોની કુરઆન શરીફની તફસીર અને હદીસ શરીફની મજલીસ પણ થાય છે. તેમજ અલ્હમ્દુલિલ્લાહ અઠવાડીયાની એક છુટ્ટીના દિવસે તેમજ વેકેશનમાં તાલીબે ઈલ્મોની તબ્લીગી જમાઅત પણ નીકળે છે.

**(૮) દારે સિદ્દિક (યતીમ ખાનહ) :**
**બે સહારાઓનો સહારો**

જે બાળકોના માથા પરથી બાપ કે માનો સાયો ઉઠી ગયો છે તેવા બાળકોને પોતાના મા-બાપ જેવી જ હૂંફ મળે અને દીની-દુન્યવી પુરી તઅલીમ મળે એવા નેક મકસદથી "યતીમ ખાનહ" શરૂ કરવામાં આવ્યું છે. જેમાં બાળકોને દીની તઅલીમ, સ્કૂલની તઅલીમ, ખાવા, પીવા, રહેવા, કપડા, દવા બધી જ સહુલતો પુરી પાડવામાં આવે છે.



**પાલાવાલા (બલેશ્વરીયા) ફેમિલી** આ વિભાગની દરેક જાતની જરૂરતો પુરી કરવાનો ઝરીયો છે. અલ્લાહ તઆલા કબુલ ફરમાવે અને તરક્કીઓથી નવાઝે-આમીન. અત્યારે કુલ વધઘટ સાથે **૯૬ છોકરાઓ** આ વિભાગમાં છે.

**(૯) દારૂલ ઈહસાન – બનાત વિભાગ :**

જેમાં મકતબમાં નહિ જઈ શકતી બાલીગ છોકરીઓ તથા વધારે ઉંમરવાળી બહેનો માટે કુરઆન શરીફ અને જરૂરી મસાઈલ તથા મદ્રસહ તરફથી બનાવેલ નિસાબ પ્રમાણે તઅલીમ આપવામાં આવે છે. જેમાં કુલ અંદાજિત **૧૧૧** બહેનો પોતાના ઝૌક અને શૌખથી પાલાવાલા એસ્ટેટમાં તઅલીમ હાસીલ કરી રહી છે. જેમાં ત્રણ વર્ષનો કોર્ષ છે. ૩ (ત્રણ) મુઅલ્લીમાઓ તઅલીમ આપે છે.

**(૧૦) શોઅબ–એ–તદરીબ – ટ્રેનિંગ વર્કશોપ :**

જામીઅહનો એક વિભાગ શોઅબ-એ-તદરીબ પણ છે. જેમાં દરજએ એઅદાદીયાની તઅલીમ આપવાનો તરીકો શીખવવામાં આવે છે. આ વિભાગમાં અન્ય મદ્રસાઓ અને મકતબના ઉસ્તાદો જામીઅહમાં આવી દર્સગાહો (કલાસો)માં હાજર રહી જામીઅહના ઉસ્તાદોથી દરજએ એઅદાદીયા પઢાવવાની ટ્રેનીંગ લે છે.

અલ્હમ્દુલિલ્લાહ હમણા સુધી અન્ય મદ્રસાઓના **૪૮** ઉસ્તાદો જામીઅહમાં આવી આ શોઅબાથી ફેઝયાબ થયા છે. મજકુર શોઅબ-એ-તદરીબ હઝરત મવ. ઈસ્માઈલ સા. કાપોદરાવાલા (દા.બ.)ની સરપરસ્તીમાં ચાલે છે.

આપ પણ આપનાં ગામનાં મકતબનાં ઉસ્તાદોને ટ્રેનીંગ વર્કશોપમાં મોકલી ફાયદો ઊઠાવી શકો છો. આવનાર ઉસ્તાદો જામિઅહમાં મેહમાન તરીકે રહેશે.

## મકાતીબની એહમીયત

કહેવાય છે કે નાનુ બાળક સમાજની પુંજી અને અમાનત છે. નાનપણમાં બાળકને મળેલ યોગ્ય શિક્ષણ તેના ભાવિ ઘડતરમાં ખુબ જ અગત્યનો ભાગ ભજવે છે. નાના બાળકનું હૃદય કોરા કાગળ જેવું હોય છે. તેમાં જે વાતનું નીરુપણ કરવામાં આવે તેને સહેલાઈથી તે કબુલી લે છે અને તેને આસાનીથી મીટાવી શકાતી નથી.

ઉલમાએ ઉમ્મતની દુરઅંદેશ નજરોએ આ જ વાતને સમજીને બાળકને નાનપણથી જ યોગ્ય દીની તહઝીબ મળી રહે તેની વ્યવસ્થા રૂપે મકાતીબનો બેમીસાલ સીલસીલો શરૂ કર્યો હતો. જેના અગણિત ફાયદાઓ આજે ઉમ્મત પોતાની નરી આંખોથી જોઈ રહી છે. આજે ઉમ્મતમાં દીનની પ્રાથમિક વાતો બાબતે જે જાગૃતિ જોવા મળે છે એ નાનપણની મકતબની તઅલીમનું જ પરિણામ છે.

આજ મકતબનાં મુબારક સીલસીલાને આગળ વધારવા માટે નવાપુર શહેરના આસપાસના ગામડાઓમાં જેમાં મુસલમાનોના એક-બે છુટા છવાયા ઘરો છે. મસ્જિદ, મદ્રેસાની કોઈ વ્યવસ્થા નથી, જામિઅહના માર્ગદર્શન અને મકામી સાથીઓની ફીકરથી મકાતીબનો સીલસીલો શરૂ કરવામાં આવ્યો છે. જેથી આવા છુટા છવાયા ઘરોમાં દીની માહોલ વજુદમાં આવે.



**જામિઅહનાં માર્ગદર્શનમાં ચાલતા મકાતિબની વિગત**

| ક્રમ નં. | ગામ | તલબાની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાકી | ૨૫ |
| ૨ | વડપાડા | ૦૫ |
| ૩ | સાયલા | ૧૦ |
| ૪ | નવી હોન્ડા | ૦૨ |
| ૫ | મસ્જિદે ઝકરીયા-નવાપુર | ૧૫૦ |

**કુલ ઉસ્તાદ : ૬**

માશાઅલ્લાહ આ વિભાગનો પુરો ખર્ચ પાલાવાલા ફેમિલી અને નવાપુરના અમુક સાહબેખૈર તરફથી આપવામાં આવે છે.

## કુર્બાની

મદ્રેસા તરફથી દર વર્ષે ગરીબ વિસ્તારમાં સુવ્યવસ્થિત કુર્બાનીનો પ્રબંધ કરવામાં આવે છે. કુર્બાની શરીઅતના ધારા-ધોરણો મુજબ થાય તેની કાળજી લેવામાં આવે છે અને કુર્બાનીના સ્થળે મદ્રસહના ઝીમ્મેદારો હાજર રહી કુર્બાની કરાવનારાઓના નાણા તેમજ કુર્બાનીનું ગોશ્ત સહી હકદારોને પહોંચે તેવો ઈન્તિઝામ કરે છે. કુરબાની કરાવવા ઈચ્છતા ભાઈઓ-બહેનો જલ્દીથી નામ નોંધાવવાની ફીકર કરશો. તાકે ઈન્તિઝામ કરવામાં સહુલત રહે.

## અંતમાં શુક્રીયા, ક્ષમાયાચના

જામિઅહ પરિવાર નવાપુર વાસીઓ અને દરેક તે મુહસીન ભાઈઓનો અંતઃકરણથી આભાર વ્યક્ત કરે છે, જેઓ વિવિધ ચીજ-વસ્તુઓ વડે (માસીક કલેકશન, દાવત, ગોશ્ત, ઘઉં, ચાવલ, ઇંડા, મરઘી, જલાઉ લાકડા, પેટ્રોલ, ડીઝલ, કેરોસીન વગેરેની મદદ દ્વારા) અને પોતાનાં કિંમતી મશ્વરાઓ વડે જામિઅહને જાની અને માલી સહકાર

આપી રહ્યા છે.

અલ્લાહ તઆલાની રઝામંદી ખાતર રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના મેહમાન એટલે પઢવા આવનાર છોકરાઓ સાથે મુહબ્બત રાખવી, તેમની જરૂરતો પુરી પાડવી અને જામિઅહની વખતો વખતની જરૂરતમાં તત્પરતા દાખવવી એ જામિઅહ સાથે તઅલ્લુક અને મુહબ્બતની નિશાની છે. જેઓએ હંમેશા એની ફીકર રાખી છે એવા મોહસીનોનો જામિઅહ પરિવાર ખુસુસી આભાર માને છે અને તેમના માટે દિલથી દુઆ કરે છે.

જામિઅહના ટ્રસ્ટી સાહેબો, વર્કીંગ કમિટિના સભ્યો અને દરેક તે મોહસીનોનો હું ખરા અંતઃકરણથી આભારી છું. તેઓએ પોતાની જાનીમાલી ખીદમત, કિંમતી સલાહ સૂચનોથી જામિઅહના કામોમાં રસપૂર્વક ભાગ લઈ જામિઅહની પ્રગતિમાં ભાગ ભજવ્યો. અલ્લાહતઆલા એ સૌને બેહતરીન બદલો અતા ફરમાવી ઔલાદો નસલોમાં દિન ઝિન્દા ફરમાવે. આમીન.

આ ટૂંક રીપોર્ટની તૈયારીમાં પુરતી તકેદારી રાખવામાં આવી છે. જરૂરી તેમજ આવશ્યક વસ્તુઓને આવરી લેવામાં આવી છે. તેમ છતાં "માણસ માત્ર ભૂલને પાત્ર" અનુસાર કોઈ વિગત રહી ગઈ હોય અથવા જામિઅહ પરિવાર તરફથી કોઈને તકલીફ પહોંચી હોય અથવા મનદુઃખ થયું હોય તો તે માટે તહેદીલથી માફી માંગુ છું. આશા છે કે આપ સર્વ મને માફ કરી ભવિષ્યમાં દરેક પ્રકારનો જાની-માલી સહકાર અને કિંમતી મશ્વરાથી નવાઝતા રહી ઉદાર દિલીનું ઉદાહરણ પૂરું પાડશો......જઝાકુમુલ્લાહુખૈરા

તમારી દુઆ અને સહકારનો મોહતાજ
ખાદિમે જામીઅહ

**(કારી) ઉબૈદુલ્લાહ અહમદ હાફેઝજી**
**અફલ્લાહુ અન્હુ વઅનવાલીદયહી વઅમ્મીહી વઆફાહુમ**



## જામિઅહના તાલીબે ઈલ્મનો અંદાજીત ખર્ચ

| આઈટમ | રોજનો ખર્ચ રૂા. | માસિક ખર્ચ રૂા. |
|---|---|---|
| દૂધ | ૨,૫૨૦/- | ૭૫,૬૦૦/- |
| ચા | ૩૦૦/- | ૯,૦૦૦/- |
| કરીયાણું સામાન, ચાવલ, ઘઉં | ૬,૮૯૬/- | ૨,૦૬,૮૮૦/- |
| શાકભાજી, કાંદા બટાકા | ૬૦૦/- | ૧૮,૦૦૦/- |
| મટન, ઇંડા વગેરે | ૮૦૦/- | ૨૪,૦૦૦/- |
| ગેસ, જલાઉ લાકડા | ૮૦૦/- | ૨૪,૦૦૦/- |
| સ્કૂલ લાવવા લઈજવા માટે વાન ખર્ચ | ૫૦૦/- | ૧૫,૦૦૦/- |
| રીપેરીંગ અને અન્ય ખર્ચ | ૫૦૦/- | ૧૫,૦૦૦/- |
| લાઈટ બીલ | ૧,૧૫૦/- | ૩૪,૫૦૦/- |
| ઉસ્તાદ પગાર | ૫,૩૩૪/- | ૧,૬૦,૦૨૦/- |
| ખાદીમ પગાર | ૩,૧૦૦/- | ૯૩,૦૦૦/- |
| પરચુરણ (સ્ટેશનરી, ટ્રાવેલીંગ, મહેમાન) ટપાલ ટેલીફોન | ૬૦૦/- | ૧૮,૦૦૦/- |
| ટોટલ | ૨૩,૧૦૦/- | ૬,૯૩,૦૦૦/- |

**અંદાજીત ટોટલ વાર્ષિક ખર્ચ :**

ત્યાશી લાખ સોળ હજાર પુરા.

રૂપિયા ૮૩,૧૬,૦૦૦/-

એક તાલીબે ઈલ્મ પાછળ અંદાજીત રોજનો ખર્ચ રૂપિયા ૬૬.૬૬/-

એક તાલીબે ઈલ્મ પાછળ અંદાજીત મહિનાનો ખર્ચ રૂપિયા ૨,૦૦૦/-

એક તાલીબે ઈલ્મ પાછળ અંદાજીત વાર્ષિક ખર્ચ રૂપિયા ૨૪,૦૦૦/-

## જામિઅહમાં વિદ્યાર્થીઓ માટે સુવિધાઓ

(૧) મદ્રસહના છોકરાઓ ગામની અલગ અલગ ૭ (સાત) સ્કૂલોમાં ભણવા જાય છે. જેના માટે છોકરાઓને સ્કૂલે લાવવા, લઈજવા માટે દારૂલ ઈહસાન તરફથી સ્કૂલવાનની વ્યવસ્થા કરવામાં આવી છે.

(૨) રાત્રે સુવા પહેલા દરેક તાલીબે ઈલ્મને એક ગ્લાસ દૂધ અને બિસ્કીટ આપવામાં આવે છે.

(૩) મદ્રસહમાં સ્કૂલના છોકરાઓને સ્કૂલના અલગ અલગ વિષયોનું ટયુશન આપવામાં આવે છે.

(૪) અમુક છોકરાઓ જે સ્કૂલ નથી જતા તેઓને જરૂરી દુન્યવી શિક્ષણ મદ્રસહમાં પૂરૂં પાડવામાં આવે છે.

(૫) બન્ને ટાઈમ ખાવાની અને સવારે નાસ્તાની બેહતરીન સગવડ.

(૬) ફીલ્ટર પ્લાન્ટ વડે શુધ્ધ પાણી.

(૭) કપડાની ધુલાઈ અને ઈસ્ત્રી.

(૮) રમત-ગમત અને તંદુરસ્તી માટે વિશાળ મેદાન.

(૯) મેડીકલ દવાની પુરી વ્યવસ્થા 'અશ-શિફા હોસ્પિટલ અને સેવા કલીનીક મારફત હમો બન્ને ટ્રસ્ટોનો આ ખીદમત બદલ દિલી શુક્રિયહ અદા કરીએ છીએ.

(૧૦) દરેક છોકરા માટે પલંગ-કબાટ અને ઠંડીમાં ગરમ પાણીની વ્યવસ્થા.

(૧૧) મુસાફરીમાં મહરમ સાથે આવનાર ઔરતો માટે મદ્રસહમાં વુઝૂ નમાઝ અને કીયામ માટેની અલગ વ્યવસ્થા.



## સવાબ હાસીલ કરવાના તરીકાઓ

## આપ મદ્રસહને સહાયરૂપ કેવી રીતે થશો ?

(૧) તમારી ભલી નેક દુઆઓમાં જામિઅહને યાદ કરતા રહી.

(૨) જામિઅહમાં પઢતા માસુમ બાળકો અને આલીમો સાથે પ્યાર, મુહબ્બત રાખીને.

(૩) તેમની જરૂરતોમાં ઉદાર દિલથી સહાય કરીને.

(૪) મદ્રસહની અંદર અને બહારની અહમ જરૂરતોની ફીકર રાખીને.

(૫) આપ પોતે અથવા પોતાની અવલાદને હિફ્ઝ, આલીમ અથવા કારી કલાસમાં દાખલ કરીને.

(૬) પોતાના માટે તેમજ મા-બાપ અને તમામ મર્હુમોના ઈસાલે સવાબ માટે સદકએ જારીયહના તોર પર બાંધકામમાં તથા કીતાબો છપાવવામાં મદદ કરીને.

(૭) મદ્રસહમાં પઢતા છોકરાઓ માટે દીન દુનિયાની જરૂરી કીતાબો ખરીદવા તથા છપાવવામાં મદદ કરીને.

(૮) ખાવા પીવાની જરૂરી ચીજ વસ્તુ દૂધ, ઘી, તેલ, શાકભાજી, ગોશ્ત, મરઘી, ઇંડા, ફળ-ફળાદી વગેરેની મદદ કરીને.

(૯) ઉસ્તાદનો પગાર આપીને.

(૧૦) એક અથવા અમુક (હાફિઝ, આલિમ, કારી થનાર) તાલીબે ઈલ્મનો ખર્ચ પોતાના ઝીમ્મે લઈને.

(૧૧)શાળા, મહાશાળા, જુનીયર કોલેજ જનાર વિદ્યાર્થીની ઝીમ્મેદારી લઈને.

(૧૨)છોકરાઓ માટે કપડા, ચાદર, ગાદલા, રજાઈ, તકીયા વગેરેની મદદ કરીને.

(૧૩)રાશન રૂપે ઘઉં, ચોખા, તેલ, ખાંડ, દાળ વગેરે આપીને.

(૧૪)પોતાની જેમ બીજા ભાઈઓને મદદ કરવા માટે ફીકર અપાવીને.

(૧૫)માસીક નાની - મોટી લિલ્લાહ રોકડ રકમ પાબંદીથી સહાય કરીને.

(૧૬)શાદી વગેરે મોકાઓ પર બચ્ચાઓને દઅવતમાં શામીલ કરીને.

(૧૭)જામિઅહની વિઝિટ લઈ આપના કિંમતી મશ્વરાથી નવાઝીને.

**શુક્રિયહ – આભાર**
**ફજઝાકુમુલ્લાહુ અહસનલ્જઝાઅ**

## વક્તની પુકાર

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી તઅલીમ અને તરબીયતમાં જામિઅહ આગળ વધી રહ્યો છે. અત્યારે આપણી પાસે જગ્યા ઓછી હોવાના કારણે તકલીફો ઉભી થાય છે. દર વર્ષે તાલીબે ઈલ્મોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જેથી નીચે મુજબના કામો સખત જરૂરી છે. બાંધકામ બાબતે રોકડ અથવા માલ-સામાન વડે મદદ કરશો. ઈન્શાઅલ્લાહ એ આપના માટે સદકએ જારીયહનો ઝરીઓ બનશે.



## વિસ્તૃતિકરણની યોજનાઓ

(૧) **ઉસ્તાદો માટે રહેવાના ક્વાટર્સની** જરૂરત છે. અલહમ્દુલિલ્લાહ જેનું બાંધકામ ચાલુ થઈ ગયુ છે. ઉદાર દિલે આ નેક કામમાં દિલખોલી તઆવુન કરવા ગુઝારીશ.

(૨) **જમીન ખરીદી પેટે** રકમ આપવાની સખ્ત જરૂરત છે. અલ્લાહતઆલા આપને જન્નતુલ ફીરદોસમાં બેહતરીન જગ્યા અતા ફરમાવે.

(૩) **બોર્ડીંગની ઉપર ત્રીજા ફલોરની જરૂરત છે.** અલ્લાહ પાકના ફઝલોકરમથી કામ શરૂ થાય એ ફીકરમાં છીએ. જેથી બોર્ડીંગનું કામ જલ્દી ચાલુ થાય એ માટે ઉદાર દિલે આ નેક કામમાં મદદ કરશો. અલ્લાહ પાક એનો બદલો દુનિયા આખીરત બન્ને જહાનમાં જરૂરથી આપશે.

(૪) તલબાઓને પઢાવવા માટે **કલાસરૂમની** જરૂરત છે.

(૫) મસ્જિદની સહેનના ઉપર **મહેમાનખાનુ,** તેમજ વગર ફેમેલીના ઉસ્તાદો માટે રૂમોની જરૂરત છે.

(૬) મસ્જિદના જમાઅતખાનાનાં અંદર ફલોરીંગ ટાઈલ્સનું કામ જેથી નમાઝ પઢવામાં સહુલત થાય.

(૭) **કમ્પાઉન્ડવોલનાં** બાંધકામની જામિઅહની દરેક રીતે હિફાઝત માટે જરૂરત છે.

**નોંધ :** ચાલુ વર્ષે જગ્યાની તંગી હોવાના લઈ સુરત, નવસારી અને અતરાફના ઘણા છોકરાઓને દિલના દુઃખ સાથે દાખલો આપી શકાયો નથી.

## ચેક અથવા ડ્રાફ્ટ વડે તમારી સખાવતો પહોંચાડવા માટે

### બેંકની વિગત

Name : JameahDarulEhasan, Navapur

Bank : Union Bank of India

Branch : Navapur

Code : UBIN532410

A/c No. : 324101010020028

**Only for foreign Donores**

We have permission from the government to collect donations from abroad. The donores from foreign countries directly deposit the money in our below given bank account.

### F.C.R.A. Detail

A/c. Name : JameahDarulEhasan, Navapur

A/c. No. : 324101010020026

Bank Name : Union Bank of India

Branch : Navapur

Code : UBIN532410

Swift Code : UBI NI NBBAUR

IFSC/RTGS Code : UBI No. 532410

It is a humble request to mail us your full name and address after depositing the donation in our account.



### જરૂરી માઅલુમાત

(૧) **ઝકાતનો નિસાબ :** સોનુ ૮૭,૪૭૯ ગ્રામ, સત્યાસી ગ્રામ, ચાર સો ઓગણીયાસી મિલીગ્રામ.

(૨) **ચાંદીનો નિસાબ :** ૬૧૨.૩૫૦ ગ્રામ, છસો બાર ગ્રામ અને ત્રણ સો પચાસ મિલીગ્રામ.

(૩) **સફરે શરઈની મિકદાર :** ૭૭.૨૪૮૫૧૨ ખુલાસા રૂપે, સવા સિત્તોતેર કિલો મિટર.

(૪) **મહરે ફાતમી :** ૧,૫૩૧ ગ્રામ ચાંદી. એક કિલો પાંચ સો એકત્રીસ ગ્રામ ચાંદી.

(૫) મહરની ઓછામાં ઓછી મિકદાર : ૩૨ ગ્રામ (બત્રીસ ગ્રામ) ચાંદી અથવા તેની કિંમત.

(૬) મર્દ માટે જાઈઝ ચાંદીની વીંટીનું વજન : ૪.૩૭૪ (ચાર ગ્રામ ત્રણ સો ચુમ્મોતેર મીલીગ્રામ)થી ઓછું.

(૭) **સદકએ ફિત્રની મિકદાર :** એક સાઅ : ૩.૩૨૪ ત્રણ કિલો ત્રણસો ચોવીસ ગ્રામ. ચોખા-જુવાર-ખજૂર-જવ-કિશ્મીશ વગેરે અનાજ વડે.

અડધો સાઅ : ૧.૬૬૨ (એક કિલો છસો બાસઠ ગ્રામ) ઘઉં અથવા ઘઉંનાં લોટ વડે.

(૮) **શરઈ મોટી હોજની** ઓછામાં ઓછી મિકદાર : ૨૨૫ સ્કવેર ફિટ અને જો ગુંજાઈશ હોય તો ૨૭૫ સ્કવેર ફિટ બનાવવામાં આવે (ફતાવા રહીમીય્યમહ ૯/૧૯૫)

(૯) ઈશરાકનો ટાઈમ : સૂર્યોદયના ૨૦ મિનિટ પછી.

(૧૦) ચાશ્તનો ટાઈમ : સૂર્યોદય અને મધ્યાહનના વચ્ચેના સમયના બે ભાગ કરી બીજા ભાગની શરૂઆતથી મધ્યાહન સુધી ચાશ્તનો ટાઈમ છે.